કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી(મહિલા વિંગ) ખાતે ડી.બી.ટી. સેલ અંતર્ગત બિઝનેસ એનાલિસ્ટની સેવાઓ આઉટસોર્સિંગથી લેવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/WOW/e-file/23/2022/1483/A

સચિવાલય,ગાંધીનગર

તા. /૦૩/૨૦૨૬

વંચાણે લીધા:-

૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:- મસચ/ ૨૧૨૦૨૦/૫૬૨૩૮૫/અ.

૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૪ નો સમાનાંકી ઠરાવ.

૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૬/૦૩/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ.

૪) નિયામક(મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરીના તા.૧૧/૧૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક: WCDWW/0279/10/2025

**<u>પ્રસ્તાવના:-</u>**

મહિલા અને બાળ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) હેઠળના ઠરાવથી નિયામક(મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરી ખાતે ડી.બી.ટી.સેલ અંતર્ગત ૦૧ સિનિયર એમ. આઇ.એસ. કન્સલ્ટન્ટ તથા અન્ય ૦૨ ટેક્નીકલ જગ્યાઓની આઉટસોર્સથી સેવા લેવા માટે મંજુરી આપવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી આ જગ્યાઓનું નામાભિધાન કરવામાં આવેલ છે, જે મુજબ "સિનિયર એમ. આઇ.એસ. કન્સલ્ટન્ટ" નું નામાભિધાન કરીને "બિઝનેસ એનાલીસ્ટ" કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી બિઝનેસ એનાલિસ્ટની સેવાઓ ૧૧ માસ માટે આઉટસોર્સથી લેવાની મુદ્દતમાં વધારો કરેલ છે, જે તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ પૂર્ણ થતી હોવાથી નિયામક(મહિલા કલ્યાણ),મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના પત્રથી ઉક્ત સેવાઓની મુદ્દત વધુ ૧૧ માસ માટે લંબાવવા અંગેની દરખાસ્ત અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવ:-</u>**

નિયામક(મહિલા કલ્યાણ),મહિલા અને બાળ વિકાસ કમિશ્નરની કચેરી ખાતે ડી.બી.ટી સેલની નીચે મુજબની જગ્યા માટે સરકાર માન્ય એજન્સી મારફતે આઉટસોર્સથી સેવાઓ લેવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂરીનો સમયગાળો |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | બિઝનેસ એનાલિસ્ટ જગા -૧ | તા.૦૭/૧૨/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૬ |

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૦૬/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એમ.બી.કંથારીયા
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, એકાઉન્ટ જનરલની કચેરી અમદાવાદ/રાજકોટ.
- સિલેકટ ફાઇલ.